<u>ક્રિ.કે. નં.૫૭૦૭૩/૨૦૧૮</u>

(૧) આ કામમાં પોલીસ સ્ટેશન દ્વારા આરોપી વિરૂદ્ધ જુગાર ધારા કલમ–૧૨(અ) મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપી તરફે સ્પેશ્યલ સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓ સ્પેશ્યલ સીટીંગ અન્વયે સ્વૈચ્છીક રીતે ગુન્હો કબુલ કરવા માંગતા હોઇ તેઓ દ્વારા ગુન્હા કબુલાત પુરસીસ આંક–૨ થી રજુ કરેલ છે અને ત્યાર બાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુન્હા માટે પ્લી/નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ તેમનો પ્રથમ ગુન્હો છે. તેમ જણાવેલ છે અને ગુન્હા બદલ પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુન્હો ફરીથી નહીં કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવેલ છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઇ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકતો તથા સંજોગોને તથા આરોપી વિરૂદ્ધના ગુન્હા અંગે થઇ શકતી સજાની જોગવાઇ ધ્યાનમાં લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂં છું.

# –૦ હુકમ ૦–

દરેક આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ હોઠળ જુગાર ધારા કલમ–૧૨(અ) ના ગન્હા માટે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ.૨૦૦/– કુલ રૂ.૪૦૦/– નો દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

મુદ્દામાલ નાણાંનો અપીલ સમય બાદ સરકારમાં ખાલસા કરવાનો અને બાકીના મુદાદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તારીખઃ–૨૨/૦૭/૨૦૧૮

(એચ.એન. દેસાઇ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪, અમદાવાદ
**(GJ-00738)**